NAVGUJARAT COLLEGE OF
COMPUTER APPLICATIONS
Affiliated to Gujarat University

૦૪-૦૯-૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી

અમદાવાદ

વિષયઃ - બીસીએ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા યોજાયો ટીચર્સ ડી

શ્રીમાન,

અમારી કોલેજે તા. ૪-૯-૨૦૧૫ના રોજ વિદ્યાર્થીઓએ આધુનિક ઢબથી એટલે કે પ્રોજેકટર - મલ્મિડિયા દ્વારા સુંદર રીતે શિક્ષણકાર્ય કર્યુ. અને ડાં. સર્વપલ્લી રાધાકૃષ્ણનને યાદ કર્યા. એક શિક્ષકની ભૂમિકા કેવી હોવી જોઇએ અને સમય મુજબ ટેકનોલોજીનો ઉપયોગ કરવો જ જોઇએ તે રીતે આજે જાણવા અને શીખવા મળ્યું.

જેની માહિતી આ સાથે સામેલ છે. તો માહિતી પ્રસિધ્ધ કરવા વિનંતી છે. અને ભવિષ્યમાં બીજી પ્રવૃતિઓમાં આપના પત્રકારમિત્રને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવીએ છીએ.

આભાર સહ.

ડાં. વિમલ પંડયા
ડાયરેકટર
નવગુજરાત કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન્સ
અમદાવાદ
મોઃ ૯૮૨૪૨૫૧૪૩૦

# નવગુજરાત કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન્સ

સામાન્ય રીતે ૫ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ શિક્ષક દિન તરીકે ઉજવાય છે. પરંતુ જન્માષ્ટમીને કારણે તા. ૪-૯-૨૦૧૫ના રોજ નવગુજરાત બીસીએ કોલેજ દ્વારા ટીચર્સ ડે તરીકે ઉજવવામાં આવ્યો.

જે વિદ્યાર્થીઓ ટીચર્સ બન્યા હતાં તેઓએ બ્લેક બોર્ડ કે ડસ્ટર વિના આધુનિક ટેકનોલોજી એટલે કે પ્રોજેકટર - મલ્ટિમિડિયા થકી શિક્ષણ કાર્ય કર્યુ. સેમેસ્ટર ૧, ૩ તથા ૫માં વિદ્યાર્થીઓને પણ આ ટેકનોલોજીથી ભણવામાં મજા આવી. અને ટીચર્સ બનેલ વિદ્યાર્થીઓને શિક્ષકની ભૂમિકા વધુ સ્પષ્ટ થઇ. આજે બનેલ ટીચર્સ પણ રેગ્યુલર શિક્ષકની જેમ જે વિષય શીખવવાનો હતો તેની પૂર્વતૈયારી સાથે આવ્યા હતાં અને વિદ્યાર્થીઓને સંતોષકારક ટીચીંગ કરાવ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાના ડાયરેકટર ડૉ. વિમલ પંડયાએ શિક્ષક દિનનું મહત્વ તથા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના યોગદાની માહિતી આપી હતી અને સાથે સાથે આજીવન શિક્ષક કોને કહેવાય તેનો દાખલો ડૉ. અબ્દુલ કલામ સાહેબના જીવનનો પણ આપ્યો હતો અને આદર્શ શિક્ષક અને આદર્શ વિદ્યાર્થીની ભૂમિકા વિશે ખ્યાલ આપ્યો હતો.

આ પ્રસંગે જે વિદ્યાર્થીઓ ટીચર્સ બન્યા હતાં તેઓએ પોતાના રીવ્યુ આપ્યા છે તે આ મુજબ છે ::::

પ્રજાપતિ સાગર અશોકકુમાર (ટીચર્સ ડે ના દિવસે સંસ્થાના ડિરેકટર) :

હું અત્યારે ફાઈનલ વર્ષ બીસીએ માં છું. ત્રણે ત્રણ વર્ષ શિક્ષણકાર્ય કર્યુ છે. પરંતુ આ વખતે ડિરેકટર બનવાથી બહુ ખુશ છું. મને ખબર જ નથી કે ડિરેકટર તરીકે કેટલી ફરજો હોય, ટાઈમ ટેબલ, મેનેજમેન્ટ, પરીક્ષા, વિદ્યાર્થીના પ્રોબલેમ વગેરે.. બધું મેનેજ કરવું અઘરું છે.

સોલંકી કાર્તિકકુમાર બી (ટીચર્સ ડે ના દિવસે શિક્ષક) :

હું છેલ્લી બેંચમાં વાતો કરતો હતો ત્યારે સરળ લાગતું હતું પરંતુ શિક્ષક તરીકે વિદ્યાર્થીઓને શાંત રાખવા, અને કલાસને હેન્ડલ કરવો અને સતત વિષય સંલગ્ન બોલવું અઘરું કાર્ય છે.

રાહુલ જારચંદાણી (ટીચર્સ ડે ના દિવસે શિક્ષક) :

કલાસમાં જતાં પહેલાં ભણવાના વિષયની પૂર્વ તૈંયારી કરી હતી અને ભણાવાની બહુ જ મજા આવી હતી.

દક્ષ મંડોવારા (ટીચર્સ ડે ના દિવસે શિક્ષક) :

પાવર પોઈન્ટ પ્રેઝન્ટ દ્રારા ભણાવાની બહુ જ મજા આવતી હોય છે. અને મેં પાવર પોઈન્ટ થકી જ બધા લેકચતર લીધા અને એક નવો જ અનુભવ રહયો.

## હાજર વિદ્યાર્થીઓના પ્રતિભાવઃ

જેટલા હાજર હતાં તેમાંથી મોટાભાગના વિદ્યાર્થીઓનું કહેવું હતું કે અમોને આ વિદ્યાર્થીઓએ શિક્ષક બનીને જે ભણાવ્યું તેમાં અમારા પ્રશ્નો જે હતાં તેને જ અનુરૂપ ભણાવ્યું. બીજી વાત મહત્વની એ કે અમને એવી લાગણી થઈ કે અમારા જ ગ્રુપના સભ્ય આજે શિક્ષક છે એટલે ખાસ તેને મોટીવેટ કરવા જ પડે અને તે માટે અમો શિસ્તમાં રહયા હતાં... યાદગાર પ્રસંગ હતો.